ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૧૮

ગાંધીનગર તાપમાન

# પંચદેવ મંદિરે મહાશિવરાત્રિના મેળાની તૈયારીઓ







ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરમાં મહાશિવરાત્રી પર્વ ભારે ધામધૂમપૂર્વક અને ભકિતભાવ થી ઉજવવામાં આવે છે. શહેરના મંદિરોમાં મહાશિવરાત્રીની તૈયારીઓને આખરી ઓપ અપાઈ ગયો છે. શહેરમાં આવેલા શિવાલયો હરહર મહાદેવના નારાથી ગુંજી ઉઠશે. ગાંધીનગર જિલ્લામાં શિવરાત્રીના દિવસે વિવિધ સ્થળોએ મેળો પણ ભરાય છે ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૨૨ પંચદેવ મંદિર ખાતે પણ વર્ષોથી શિવરાત્રીનો પરંપરાગત મેળો ભરાય છે. આ મેળા માટે રાજયભરમાંથી વિવિધ ચીજવસ્તુઓના વેપારીઓ આવી પહોંચ્યા છે. આ લોકમેળામાં ગાંધીનગર શહેર-જિલ્લામાંથી મોટી સંખ્યામાં શિવભકતો આવે છે અને પંચદેવ મહાદેવના દર્શનનો લાભ લઈ મેળાની મોજ માણે છે. ત્યારે પંચદેવ મંદિરના મેળામાં હૈયે થી હૈયુ દળાય તેવો માનવ મહેરામણ ઉમટે છે. પંચદેવના મેળાની તૈયારીઓને આખરી ઓપ મંદિર પરિવાર અને તંત્ર દ્વારા આપી દેવામાં આવ્યો છે. વર્ષોથી મેળામાં વિવિધ ચીજવસ્તુઓના વેચાણઅર્થે આવતા વેપારીઓ પણ આજે સવારથી જ આવી પહોંચ્યા હતા અને પોતાને અનુકુળ વેપાર લાયક જગ્યા શોધીને સાફસુફી કરીને ડેરા-તંબુ તાણી દીધા હતા. આ મેળામાં નગરજનો તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ મોટી સંખ્યામાં નાગરીકો સવારથી જ દર્શન માટે તેમજ મેળાની મોજ માણવા આવે છે. પંચદેવ ખાતે વર્ષમાં બે વાર જ લોકમેળો ભરાય છે જેની ભકતો મોજ માણે છે. વેપારીઓને પણ ભકતોને કારણે ધંધામાં સારી કમાણી થતી હોવાથી વેપારી આ શિવરાત્રી મેળાની રાહ જોઈને બેઠા હોય છે. આ વેપારીઓમાં રમકડા, ઘર સજાવટની ચીજવસ્તુઓ, ચકરડી, ચગડોળ સહિતની મોજ ભકતો માણે છે. જયારે જિલ્લા વહીવટી તંત્ર પણ આ મેળાની તૈયારીઓમાં ઘણા દિવસથી લાગી ગયું છે. પોલીસ તંત્ર દ્વારા પણ મેળામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ ગોઠવી દેવામાં આવ્યા છે. ત્યારે મેળાની તૈયારીઓને આખરી ઓપ આપતા વેપારીઓ સે-૨૨ ખાતે નજરે પડે છે. જયારે આવતીકાલે મેળાને પગલે હૈયે થી હૈયુ દળાય તેવો માનવ મહેરામણ ઉમટશે.

# અડાલજ ત્રિમંદિર સર્કલ પાસે ટ્રકની અડફેટે મહિલાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક આવેલા ત્રિમંદિર સર્કલ પાસે ગઈ મોડી સાંજે બાઈક પર જઈ રહેલા દંપતીને પાછળથી બેફામ આવતી ટ્રકે જબરદસ્ત ટકકર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બાઈક સવાર મહિલાનું પ્રાણપંખેરૂં ઉડી જતા અડાલજ પોલીસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરીને આરોપી ડ્રાઈવરની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ સાબરમતી વિસ્તારમાં રહેતા લાલાજી ગાંડાજી ઠાકોર અને તેમની પત્નિ શારદાબેન ગઈ કાલે સાંજે પોતાના બાઈક નં. જીજે ૧૮ એ.ઈ. ૨૯૮૨ લઈને અડાલજ ત્રિમંદિર સર્કલ પાસેથી પસાર થઈ રહ્યા હતા. પાછળથી ધસમસતી આવતી જીજે૯ વાય ૭૫૮૩ નંબરની ટ્રકે આગળ જતા બાઈકને અડફેટે લઈ લેતા બાઈક ફંગોળાઈને રસ્તાની બહાર ફેંકાઈ ગયું હતું અને તેમાં સવાર દંપતી રસ્તા વચ્ચે પટકાયા હતા. શારદાબેનના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમને તાત્કાલીક ગાંધીનગર સવિલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયાં તેમનું સારવાર દરમિયાન પ્રાણપંખેરું ઉડી ગયું હતું. આ ઘટના અંગે લાલાજી ગાંડાજી ઠાકોરની ફરિયાદને આધારે અડાલજ પોલીસ મથકમાં જમાદાર ગીરીષભાઈએ ટ્રક ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ગાંધીનગરના બે મૂકસેવકોને ધરતી રત્ન એવોર્ડથી સન્માનિત કરાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના બે સેવાભાવી નગરજનોને તેમની ઉત્કૃષ્ઠ નિસ્વાર્થ સેવાઓ માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે 'ધરતી રત્ન એવોર્ડ' એનાયત કરવામાં આવનાર છે. ગાંધીનગરના મિલિંદ ગુપ્તે તથા ડૉ. કૃષ્ણાનંદ ચિતાણીયાની આ એવોર્ડ માટે પસંદગી કરાઈ છે. આશિર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા રાજ્યના કુલ ૧૧ સેવાભાવી વિભૂતિઓને 'ધરતી રત્ન એવોર્ડ' દ્વારા નવાજવામાં આવનાર છે. આ એવોર્ડ વિતરણ સમારોહ તા. ૨૪મી ફેબ્રુઆરીએ અમદાવાદના શાહીબાગ સ્થિત સરદાર પટેલ કોમ્યુનિટી હોલ ખાતે સાંજે ૫.૧૫ કલાકે યોજાશે. આ પ્રસંગે શિવાનંદ આશ્રમના સ્વામી આધ્યાત્માનંદજી આશિર્વચન પાઠવશે.

ધરતી રત્ન એવોર્ડ માટે પસંદગી પામેલ ગાંધીનગરની બન્ને વિભૂતિઓ સેક્ટર-૨૩ની નિવાસી છે. રાજ્યના અંતરિયાળ આદિવાસી વિસ્તારો સુધી નિઃસ્વાર્થ સેવાની સુવાસ ફેલાવનાર મિલિન્દ પ્રફુલ્લચંદ ગુપ્તે શ્રી ગજાનંદ સેવા સમિતિ થકી રાજ્યના ૧૫ જિલ્લાના ૩૭ તાલુકામાં ૮૯૦ ગામોમાં તેમની માનવતા પ્રસરાવી ચુક્યા છે. છેલ્લા ૨૮ વર્ષથી તેમની નિઃસ્વાર્થ સેવાએ એક પ્રરેણારૂપ ઉદાહરણ સમાજ સમક્ષ મુક્યું છે.

આ સાથે સે. ૨૩ના જ ડૉ. કૃષ્ણાનંદ એમ. ચિતાણીયાની પણ ધરતી રત્ન એવોર્ડ માટે પસંદગી કરાઈ છે. 'યુવાનો જેવા વૃદ્ધ' તરીકે ખ્યાતિપ્રાપ્ત સેવાભાવી ડૉ. ચિતાણીયા હરસ-મસાની વિશિષ્ઠ સારવારના માધ્યમથી વિનામૂલ્યે લોક સેવા કરી સમગ્ર ભારતમાં 'ફકીર' ડૉક્ટર તરીકે પણ ઓળખાય છે. ડૉ. ચિતાણીયાએ કોસ્મોલોજી, બ્રહ્માંડ, સ્ટેટ ઓફ માઈન્ડ, આર.એન.એ., કોસ્મીક, અનુવંશીય શાસ્ત્ર તથા સ્ટેમસેલ એમ ૭ પુસ્તકો પણ લખ્યા છે. ગાંધીનગરની આ બન્ને વિભૂતિઓને મળનારા સન્માનથી નગરમાં આનંદની લહેર પ્રસરવા પામી છે.

## નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓનો શપથગ્રહણ સમારોહ યોજાયો





ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સેકટર-૧૨ની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં બીએસસીની નવમી બેચ, જીએનએમની સાતમી બેચ તથા એએનએમની પાંચમી બેચને નર્સિંગ ફરજમાં પ્રવેશ તબક્કે શપથવિધિ સમારોહ યોજાયો હતો.

વિવિધ નર્સિંગ કોર્સની વિદ્યાર્થીનીઓના શપથવિધિ સમારોહમાં કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ કનુભાઈ પટેલ સમારંભના અધ્યક્ષ પદે તથા મુખ્ય મહેમાન પદે કોલેજના દાતાઓ મફતલાલ પટેલ અને વિષ્ણુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આ સમારંભમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેકટર ડી.ટી. કાપડીયા તથા સંવેદના ફાઉન્ડેશનના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભાઈલાલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના પ્રારંભે વિદ્યાર્થીનીઓનું કેન્ડલ લાઈટીંગ યોજાયું. ત્યારબાદ શપથ ગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો. શપથગ્રહણ બાદ કોલેજના વાઈસ પ્રિન્સિપાલ ફાલ્ગુની મોદીએ સંસ્થાનો પરિચય આપવા સાથે પ્રોગ્રેસ રિપોર્ટ પણ રજૂ કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત કેમ્પસ ડાયરેકટર આર.જે. વ્યાસે વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા નર્સિંગ કોલેજના અધ્યાપક ગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# ધો-૩ની વિદ્યાર્થીનીને વગર વાંકે શિક્ષિકાએ માર મારતા હોબાળો...!

**ચાલુ કલાસે વિદ્યાર્થીનીને બાથરૂમ લાગતા શિક્ષિકા પાસે પરવાનગી માંગી તેની સજા ભોગવવી પડી : વાળ ખેંચીને ધોલધપાટ કર્યાની ઘટના કલાસના સીસીટીવી કેમેરામાં કેદ**

ગાંધીનગર, તા.૨૩

શહેરના સેકટર-૭ ખાતે સ્થિત એક ખાનગી શાળામાં વિચિત્ર કારણોસર વિદ્યાર્થીનીને માર માર્યાનો કિસ્સો બન્યો હોવાનું ધ્યાને આવ્યું છે. ધો-૩ની વિદ્યાર્થીનીને ચાલુ કલાસે બાથરૂમ લાગી એટલે તેણીએ ટીચર પાસે બાથરૂમ જવા દેવા પરવાનગી માંગી હતી. ટીચર અકળાઈ ઉઠયા અને વિદ્યાર્થીનીના વાળ ખેંચીને ધોલધપાટ કરી દીવાલ તરફ ધક્કો માર્યો હતો. શાળા છુટયા બાદ રડતી રડતી ઘરે ગયેલી વિદ્યાર્થીનીને જોઈને વાલીએ પૃચ્છા કરતા શિક્ષિકાના કાંડ અંગે વાલીને જાણ થઈ હતી.

થોડા દિવસ અગાઉ આ ઘટના કલાસરૂમમાં બની હતી. બીજે જ દિવસે વિદ્યાર્થીનીની માતા શાળાએ ગઈ હતી અને આચાર્યને ટીચર અંગે ફરિયાદ કરી હતી કલાસરૂમમાં સીસીટીવી કેમેરા હોવા છતાં પ્રથમ તો સંચાલકો આ ઘટના માનવા જ તૈયાર ન હતાં. પરંતુ વાલીએ પોલીસ ફરિયાદ કરવાની ચીમકી ઉચ્ચારતા ટેકનીશીયન આવે ત્યારે સીસીટીવી ફુટેજ બતાવીશું તેમ કહીને વાત થાળે પાડી હતી. આજે વાલી ફરી શાળાએ આવ્યા હતા અને હોબાળો કરતાં આખરે ફુટેજ બતાવ્યા હતા અને તેમાં સ્પષ્ટ શિક્ષિકાના જુલમ કેદ થયેલા જોવા મળ્યા હતા. વિદ્યાર્થીનીને આ શાળામાંથી બીજી શાળાએ ભણવા મુકી દેવાની ગર્ભિત ધમકી શાળા સંચાલકે આપતા વાલીએ મકમતા દાખવીને આ બાબત લેખિતમાં જણાવો તો બીજી શાળામાં મુકી દઈશુ તેવું કહેતા સંચાલકો શાંત પડયા હતા. અંતે શિક્ષિકા સામે એકશન લેવાશે તેવી બાંહેધરી આપતા વાલીએ પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું છે. નોંધનીય બાબત છે કે ધો-૩માં અભ્યાસ કરતી નાની વયની વિદ્યાર્થીનીને ચાલુ કલાસે બાથરૂમ લાગી તેની સજા તેણીએ આ રીતે માર સહન કરીને ભોગવવી પડી હતી.

# મહાદેવજીને બધા જળ ચઢાવે, મેં ભક્તિ બગીચો વિકસાવીને કરી

**સે. ૪માં ઓમકારેશ્વર મહાદેવના મંદિરના પ્રાંગણમાં નિવૃત્ત અધિકારી સી.બી. પટેલની વર્ષોની મહેનતે નયનરમ્ય બગીચો લહેરાઈ રહ્યો છે : નાગમણિ, ચંદન, કાજુ, અમેરિકન ઝિનિયા, કદમ ઉપરાંત મલ્ટીકલર ધતૂરા જેવી અલભ્ય જાતો ઉગાડી છે**

**મહાશિવરાત્રી સ્પેશિયલ**
**- સમીર રામી**

ગાંધીનગર, તા. ૨૩

"આ જમીનમાં ફૂલ-છોડ ઉગે એમ જ નથી. આ ભાઈ ખોટી મહેનત કરે રાખે છે... ચંદનના ઝાડ અંહી થોડા ઉગે ?' સેક્ટર-૪ ખાતે આવેલા ઓમકારેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં થોડાક વર્ષો પૂર્વે એક નિવૃત્ત સરકારી અધિકારી બગીચો વિકસાવવાના આશયથી દરરોજ વહેલી સવારે નિયમિતપણે શ્રમયજ્ઞ કરતા હતા. તેમની મજૂરી જોઈને મંદિરે આવતા દર્શનાર્થીઓ ઉપરોક્ત જણાવ્યા મુજબના નિરાશાવાદી ઉચ્ચારણો કરતા હતા. જો કે આ નિવૃત્ત અધિકારીએ એ તમામ બાબતો અવગણીને શ્રદ્ધાના જોરે કરેલી અથાગ મહેનતના પરિણામે આજે ઓમકારેશ્વર મહાદેવ મંદિરના પ્રાંગણમાં સુંદર નયનરમ્ય બગીચો લહેરાઈ રહ્યો છે. જેમાં અનેક જાતના પુષ્પો, આયુર્વેદિક વનસ્પતિ તથા કાજુ, આંબો, ચંદન અને સંતરાના ઝાડ પણ વિકસ્યા છે.

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગના નિવૃત્ત નિયામક સી.બી. પટેલના છેલ્લા ૧૫ વર્ષની નિયમિત અને સતત માવજતભરી મહેનત આખરે રંગ લાવી છે. ઓમકારેશ્વર મંદિરના પ્રાંગણમાં એક સુંદર નયનરમ્ય બગીચો દર્શનાર્થીઓને આકર્ષી રહ્યો છે. આ બગીચામાં હજારીગલ, બારમાસી, ચંપો, મોગરો વગેરે સાથે ગુલાબ, લાલ સફેદ, પીળા અને કાળા રંગના ગુલાબ બ્રહ્મકમળ, અમેરિકન ઝિનિયા, દુર્લભ એવુ નાગમણિ તથા મલ્ટિકલરવાળા ધતૂરાના ફૂલના છોડ પણ લહેરાઈ રહ્યાં છે. આ ઉપરાંત આ બગીચામાં ચંદનના ૨૫ જેટલા વૃક્ષો જેમાં ચંદન, રક્તચંદન તથા સુખડ, કાજુના ઝાડ, ખાખરો તથા શ્રીકૃષ્ણનું પ્રિય એવું કદમનું વૃક્ષ, ખજૂરી, ચંપો, કેળ, પપૈયુ, જેવા વૃક્ષો સાથે બોન્સાઈ પદ્ધતિથી ઉછરેલ આંબા, સંતરા તથા અનાનસ-દાડમના વૃક્ષો પણ સારી રીતે વિકાસ પામ્યાં છે. વળી આ બગીચામાં આયુર્વેદિક ઔષધિ તરીકે ઉપયોગમાં લેવાતી તુલસી, લીલી ચા, ફુદિનો જેવી વનસ્પતિ તેમજ 'રામફળ'નું વૃક્ષ પણ ઉગાડવામાં આવ્યું છે. આ બગીચાના વૃક્ષો પર પંખીઓ માલા કરી કિલકિલાટ કરી રહ્યાં છે. સી.બી. પટેલે અહીં વિકસાવેલ દુર્લભ એવું 'નાગમણિ'નું પુષ્પ તો એટલું આબેહૂબ હતુ કે ગાંધીનગરના વરિષ્ઠ ફોટોગ્રાફર કાંતિભાઈ કાપડિયાએ લીધેલી તેની તસવીર રાજ્ય સરકારના 'ગુજરાત' અંકના ગત વર્ષના દિપોત્સવી અંકમાં પસંદગી પામી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે તે અંકમાં પુષ્પની માત્ર બે જ તસવીરો પ્રગટ થઈ હતી જેમાંથી આ એક હતી.



મૂળ નવસારીના વતની એવા સી.બી. પટેલ જન્મે ખેડૂત હતા પરંતુ સરકારી નોકરીમાં લાગી વર્ષ ૧૯૭૭માં બદલી પ્રાપ્ત કરી ગાંધીનગર સ્થાયી થયા હતા. વર્ષ ૧૯૯૮થી સેક્ટર-૪માં પ્લોટ નં. ૧૩૬૫/૧ ખાતે નિવાસ કરતા સી.બી. પટેલના નિવૃત્તિ બાદ પ્લાસ્ટિક પ્રોડક્શનનો વ્યવસાય છે અને તેમના બંને દિકરા પણ સારી રીતે સેટલ છે. આ બગીચો વિકસાવવા મહેનત કરવા અંગે સી.બી. પટેલ કહે છે 'મને, ખેડૂત પુત્ર હોવાથી પર્યાવરણ પ્રત્યે વિશેષ લાગણી છે અને અહીં સ્વચ્છતા જળવાય તે માટે પણ બગીચો વિકસાવવો જરૂરી હતો. વળી, વિવિધ વનસ્પતિઓ તથા ફૂલછોડ ઝાડ વગેરે અંગે નાગરિકો તથા નવી પેઢીને જાણકારી પ્રાપ્ત થાય તથા તેઓ પણ વૃક્ષો વાવવા પ્રેરિત થાય એટલા માટે મેં આ મહેનત કરી છે. 'દરરોજ સવારે બે કલાક નિયમિત સમય ફાળવતા સી.બી. પટેલ બગીચામાં ખિલેલા ફુલો વચ્ચે ઉભા રહી સ્મિત સાથે કહે છે 'મહાદેવજીની ભક્તિ બધા જળ ચઢાવીને કરે છે, હું આ રીતે કરૂ છું.'

## આઈ લવ માય ગાંધીનગર



**ભાસ્કરભાઈ દવે**

**ગાંધીનગર ગમે**
સ્વચ્છ, સ્માર્ટ અને સુઆયોજિત શહેર હોવાને કારણએ ગાંધીનગર ગમે છે.

**નગરજનો**
સુખી, સમૃદ્ધ અને મળતાવડાં નગરજનો છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
શિક્ષણ, સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
નગર સ્વચ્છ રહે તે ખૂબ જરૂરી છે. જ્યાં-ત્યાં ફેલાયેલા ગંદકીના ઢગ શહેરની શોભા અને આરોગ્યમાં ઘટાડો કરે છે.

**નગર માટે હું કરી શકું**
સ્વચ્છતા માટે હું મારી સર્વ પ્રકારની મદદ આપવા તૈયાર છું.

## ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજના સંગઠનો દ્વારા વર્ષ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ત્યારે આગામી તા. ૨૫ ફેબ્રુઆરીને શનિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સે. ૧૭ ટાઉનહોલ ખાતે 'આજ કી શામ સમાજ કે નામ'નો સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં ખુબ જાણીતી લાખીયા બ્રધર્સ એન્ડ પાર્ટી દ્વારા સાંસ્કૃતિ ગીત-સંગીતની જમાવટ કરવામાં આવશે. સમાજના કારોબારી સભ્ય દિલીપસિંહ બિહોલા જેઓ વ્યવસાયે એડવોકેટ છે. તેઓની ટીમના સૌજન્યથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજના તમામ સંગઠ્નો તેમજ સભ્યોએ સમાજના દશરથસિંહ ચાવડા (૯૮૨૪૧૬૨૯૩૨), સિદ્ધરાજસિંહ ચાવડા (૯૮૨૪૫૪૪૦૮૭), સરોજબા રહેવર (૯૫૩૭૮૦૫૫૩૬) તેમજ ભરતસિંહ ભાટી પાસેથી તા. ૨૪ ફેબ્રુઆરી સુધીમાં પાસ મેળવી લેવાના રહેશે તેમ સમાજના મહામંત્રી પ્રદિપસિંહ બિહોલાએ જણાવ્યુ છે.

## ક્ષત્રિય ઠાકોર સેનાના ૧૫ કાર્યકરોની અટકાયત : સાણંદ ખાતે તાળાબંધી કાર્યક્રમમાં ગાંધીનગરથી કાર્યકરો જાય તે પહેલા જ ડીટેઈન કરી લેવાયા

ગાંધીનગર, તા.૨૩

ક્ષત્રિય ઠાકોર સેનાના સુપ્રિમો અલ્પેશ ઠાકોરે સાણંદ ખાતે ટાટા પ્લાન્ટને તાળાબંધી કરવાની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમમાં વિવિધ જિલ્લાઓમાંથી ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો-આગેવાનો આજે સાણંદ જવાના હતા. ગાંધીનગર આસપાસના વિસ્તારમાંથી આ કાર્યક્રમમાં જવા તૈયારી કરી રહેલા ૧૫ જેટલા ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરોની પોલીસે અટકાયત કરી લીધી હતી અને પેથાપુર તથા અડાલજ પોલીસ સ્ટેશનમાં અટકાયતી કાર્યકરોને રાખી બપોર પછી મુકત કરવામાં આવ્યા હતા.

## @ગાંધીનગર

● સે-૩-એ ચેહરધામ ખાતે આયોજીત શિવકથામાં શિવ વિવાહનો પ્રસંગ બપોરે ૨.૩૦ કલાકે તેમજ રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા હોમાત્મક લઘુરૂદ્ર દત્ત મંદિર સે-૨૮ ખાતે સવારે ૮.૩૦ થી સાંજના ૬.૦૦ કલાક દરમિયાન યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો સે-૨-ડી ભુવનેશ્વર માતાજીના મંદિરે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

● શહેરના ઘ-૨ સર્કલ પાસે શિવરાત્રી નિમિત્તે સિનીયર સિટીજનો માટે નિઃશુલ્ક લીંબુ શરબત સવારે ૧૧ થી ૫ કલાક દરમિયાન વિતરણ કરવામાં આવશે.

● સે-૩ ચેહરધામ ખાતે ફ્રી મડીકલ ચેક અપ કેમ્પ સવારે ૯ થી ૧૨ દરમિયાન યોજાશે.

● સોમનાથ મહાદેવ મંદિર ખાતે લઘુરૂદ્ર તેમજ સાંજે ૭.૧૫ કલાકે ધૂપ આરતી યોજાશે.

● સમદર્શન આશ્રમ સે-૧ સ્થિત કૃપાનિધિ મહાદેવની ષોડશોપચાર પૂજા તેમજ સવારે ૫ થી સાંજના ૬ દરમિયાન ઓમ નમઃ શિવાયના જાપ થશે.

● સે-૮ ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર ખાતે હોમાત્મક લઘુરૂદ્ર સવારે ૯.૩૦ કલાકે તેમજ ૯ કલાકે ભવ્ય શોભાયાત્રા નીકળશે.

● જલારામ મંદિર ખાતે બપોરે ૧૧.૩૦ કલાકે ધ્વજાની શોભાયાત્રા, સે-૨-ડી ૧૭૧૨/૧ ખાતેથી નીકળશે. જયારે ૧૨ કલાકે જલારામ ધામે મહાઆરતી યોજાશે.

● ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે સાજે ૬.૩૦ કલાકે ૧૦૮ દિવડાની મહાઆરતી યોજાશે.

● સે-૩-ડી રામેશ્વર મંદિર પાસે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય દ્વારા બર્ફીલા અમરનાથના પ્રતિકૃતિના દર્શન થશે.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા સર્ટીટહાઉસ ખાતે જિલ્લાનું આંકડાકીય વિશ્લેષણ તથા ૧૩મા નાણાંપંચની સિધ્ધિઓને અનુલક્ષીને એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ સેમિનારમાં જિલ્લા વિકાસ અધિકારી દેસાઈ સહિત પંચાયતના આંકડા બ્યુરોના અધિકારીઓ તથા જિલ્લા પંચાયતના અન્ય વિભાગના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

● સે-૩ ખાતે સાઈબાબા મંદિર પાસે દર ગુરુવારે ભરાતું શાકબજાર સહિતનું માર્કેટ હવે ધીમે ધીમે દૂર થઈ રહ્યું છે. જેના પગલે અહીંના રહીશોમાં રાહતની લાગણી પ્રસરવા પામી છે. અહીં ભરાતા બજારને કારણે ટ્રાફિકની અનેક સમસ્યા ખડી થવા પામતી હતી.

● મહાશિવરાત્રીના પર્વને કારણે શહેરમાં શક્કરિયાની માંગમાં ઉછાળો આવ્યો હતો. આ માંગને પગલે શક્કરિયાનો ભાવ કિલોના રૂ. ૩૦ થી ૪૦ સુધી ઉછળ્યો હતો.

## અવસાન નોંધ

સ્વ. ધ્રુવલ બિપિનભાઈ વ્યાસનું બેસણું સવારે ૯ થી ૧૨ કલાકે અંકુર એપાર્ટમેન્ટ વાવોલ તા.જી. ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. રણજીતસિંહ લાલસિંહ વાઘેલા, ઉ.વ. ૬૫
- સ્વ. નાથુભાઈ રેવાભાઈ દેસાઈ, ઉ.વ. ૬૩